# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 31-12-2025** **MORNING: 7.45 TO 7.55**
**Day: WEDNESDAY** **National News**

આકાશવાણી સમાચાર **મિત્તલ પટેલ** વાંચે છે.

******************************************************

1) પ્રધાનમંત્રી મોદીએ 2025ને દેશ માટે આમૂલ પરિવર્તન લાવનારા વર્ષ તરીકે લેખાવ્યું.

2) ગૃહમંત્રી અમિત શાહે જણાવ્યું કે, બંગાળની સરહદ પર થતી ઘૂસણખોરી હવે રાષ્ટ્રીય સુરક્ષાનો મુદ્દો બન્યો.

3) વિદેશમંત્રી ડૉ. એસ. જયશંકર બાંગ્લાદેશના ભૂતપૂર્વ પ્રધાનમંત્રી બેગમ ખાલિદા ઝિયાના અંતિમ સંસ્કારમાં ઉપસ્થિત રહેશે.

4) રેલવે દ્વારા આગામી વંદે ભારત સ્લીપર ટ્રેનનો ટ્રાયલ રન કરાયો.

5) મહિલા ક્રિકેટમાં, ભારતે પાંચમી T-20 મેચમાં શ્રીલંકાને હરાવી શ્રેણી પોતાના નામે કરી.

..........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# PM -SOCIAL MEDIA MSG

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે, ભારત આ વર્ષે સુધારા એક્સપ્રેસમાં જોડાયું અને વિશ્વનું ધ્યાન આકર્ષિત કરનાર નિવડ્યું. એક સોશ્યિલ મિડિયા પોસ્ટમાં શ્રી મોદીએ કહ્યું કે, 2025 દેશ માટે સુધારાના વર્ષ તરીકે યાદ રાખવામાં આવશે. કારણ કે,તેમાં વિવિધ ક્ષેત્રોમાં મોટાં ફેરફારો જોવા મળ્યા, જેણે ભારતની વિકાસ યાત્રાને વેગ આપ્યો છે.

સાંભળીએ એક એહવાલ.......

BYTE: SHASHANK PM MSG

# PM ECONOMIST

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગઇકાલે નવી દિલ્હીમાં નીતિ આયોગમાં અગ્રણી અર્થશાસ્ત્રીઓ અને નિષ્ણાતો સાથે વાતચીત કરી. આ ચર્ચા મુખ્યત્વે "આત્મનિર્ભરતા અને માળખાકીય પરિવર્તન: વિકસિત ભારત માટેનો કાર્યસૂચિ" વિષય પર કેન્દ્રિત હતી. આ કાર્યક્રમને સંબોધતા, પ્રધાનમંત્રીએ 2047 તરફ ભારતની વિકાસ યાત્રાના મુખ્ય સ્તંભોની રૂપરેખા આપી.

વિકસિત ભારતને સમગ્ર રાષ્ટ્રની આકાંક્ષા ગણાવતા, શ્રી મોદીએ કહ્યું કે 2047 સુધીમાં વિકસિત ભારતનું વિઝન સરકારની નીતિઓમાં પ્રતિબિંબિત થાય છે.

શ્રી મોદીએ કહ્યું, ભારતની નીતિનિર્માણ અને બજેટ પ્રક્રિયા 2047 ના વિઝન સાથે સુસંગત હોવી જોઈએ. પ્રધાનમંત્રીએ ભારતને વૈશ્વિક કાર્યબળ અને

આંતરરાષ્ટ્રીય બજારો માટે એક મહત્વપૂર્ણ કેન્દ્ર બનાવવાની જરૂરિયાત પર ભાર મૂક્યો.

# AMIT SHAH

કેન્દ્રીય ગૃહમંત્રી અને ભારતીય જનતા પાર્ટીના વરિષ્ઠ નેતા અમિત શાહે, પશ્ચિમ બંગાળ સરકાર પર સરહદ પર વાડ બનાવવા માટે જમીન ફાળવવાને બદલે ઘુસણખોરોને જમીન આપવાને પ્રાથમિકતા આપવાનો આરોપ લગાવ્યો છે.

કોલકાતાના પોર્ટ બ્લેરમાં નેતાજી સુભાષ ચંદ્ર બોઝે આઝાદ હિંદ ફોજનો ધ્વજ ફરકાવ્યો તેની 80મી વર્ષગાંઠ પર બોલતા, શ્રી શાહે જણાવ્યું કે બંગાળની સરહદ પર થતી ઘૂસણખોરી હવે રાષ્ટ્રીય સુરક્ષાનો મુદ્દો બન્યો છે

BYTE: AMIT SHAH

# JAYSHANKER DHAKA

વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકર આજે બાંગ્લાદેશના ભૂતપૂર્વ પ્રધાનમંત્રી અને બાંગ્લાદેશ નેશનલિસ્ટ પાર્ટીના અધ્યક્ષ બેગમ ખાલિદા ઝિયાના અંતિમ સંસ્કારમાં હાજરી આપવા માટે ઢાકા જશે. ડૉ. જયશંકર બેગમ ખાલિદાના અંતિમ સંસ્કારમાં ભારતનું પ્રતિનિધિત્વ કરશે.

સાંભળીએ એક અહેવાલ

V/C - NAVALSANG-KHALEDA

# VP RAMESHVARM

રામેશ્વરમમાં આયોજિત ચોથા કાશી તમિલ સંગમના સમાપન સમારોહને સંબોધતા, ઉપરાષ્ટ્રપતિ સી.પી. રાધાકૃષ્ણને કહ્યું કે કાશી અને તમિલનાડુ વચ્ચેનો સંબંધ ફક્ત ઐતિહાસિક જ નથી, પરંતુ એક ગહન સભ્યતા અને આધ્યાત્મિક જોડાણ પણ છે જે હજારો વર્ષોથી ભારતને એક કરે છે.

તેમણે કહ્યું કે આવા કાર્યક્રમો ભારતના સહિયારા વારસા અને રાષ્ટ્રીય એકતાની ભાવનાને મજબૂત બનાવે છે.

સમારોહને સંબોધતા, કેન્દ્રીય શિક્ષણ પ્રધાન શ્રી ધર્મેન્દ્ર પ્રધાને કહ્યું કે કાશી તમિલ સંગમમ જેવા કાર્યક્રમો દ્વારા, રાષ્ટ્રીય એકતાને મજબૂત બનાવવાના બીજ રોપ્યા છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

# RAILWAY VANDE BHARAT SLEEPER TRIAL

રેલ મંત્રી અશ્વિની વૈષ્ણવે કહ્યું છે કે, આગામી વંદે ભારત સ્લીપર ટ્રેનનો ટ્રાયલ રન ગઈકાલે રેલ્વે સેફ્ટી કમિશનર દ્વારા કરવામાં આવ્યો હતો.

ટ્રાયલ રનનો વીડિયો સોશિયલ મીડિયા પોસ્ટમાં મુકતા શ્રી વૈષ્ણવે જણાવ્યું હતું કે ટ્રાયલ રન કોટા નાગદા સેક્શન વચ્ચે હાથ ધરવામાં આવ્યો હતો, જેમાં ટ્રેન 180 કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે દોડી હતી. ટ્રેનમાં મૂકવામાં આવેલા પાણીના ગ્લાસ આ ગતિએ સંપૂર્ણપણે સ્થિર રહ્યા.

શ્રી વૈષ્ણવે કહ્યું કે, પાણીના પરીક્ષણથી આ નવી પેઢીની ટ્રેનની તકનીકી સુવિધાઓ દર્શાવવામાં આવી છે.

# RAILWAY

ભારતીય રેલ્વેએ સકલેશપુર-સુબ્રમણ્યમ રોડ ઘાટ સેક્શનનું વીજળીકરણ પૂર્ણ કરીને એક મોટું એન્જિનિયરિંગ સીમાચિહ્ન હાંસલ કર્યો છે.

રેલ્વે મંત્રાલયે જણાવ્યું કે, આ ઘાટ સેક્શનના વીજળીકરણથી હવે બેંગલુરુ-મેંગલુરુ રેલ્વે લાઇન સંપૂર્ણપણે વીજળીકૃત થઈ ગઈ છે. આ સેક્શન ભારતીય રેલ્વે નેટવર્કના સૌથી મુશ્કેલ અને તકનીકી રીતે પડકારજનક સેક્શનમાંનો એક છે.

આ કાર્યને કારણે સેક્શન પર રેલ કનેક્ટિવિટી અને કાર્યક્ષમતામાં સુધારો થશે. આ પ્રોજેક્ટ વંદે ભારત અને અન્ય હાઇ-સ્પીડ ઇલેક્ટ્રિક ટ્રેનોને પણ આ રૂટ પર ચલાવવા માટે સક્ષમ બનાવશે.

# RUSSIA – RESERVISTS

રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને દેશભરમાં મહત્વપૂર્ણ સ્થાનોનું રક્ષણ કરવા માટે અનામત સૈનિકોને પરત બોલાવ્યા છે. રવિવારે રાત્રે તેમના વાલ્ડાઈ નિવાસસ્થાન પર યુક્રેનના મોટા ડ્રોન હુમલા બાદ આ પગલું લેવામાં આવ્યું છે.

પુતિન દ્વારા કરાયેલા હુકમ મુજબ, 2026 માં, રશિયન સશસ્ત્ર દળોના મોબિલાઇઝેશન રિઝર્વમાં સેવા આપતા રશિયન ફેડરેશનના નાગરિકોને મહત્વપૂર્ણ સુવિધાઓ અને અન્ય મહત્વપૂર્ણ માળખાગત સુવિધાઓનું રક્ષણ સુનિશ્ચિત કરવા માટે ખાસ તાલીમ શિબિરોમાં મોકલાશે.

# WOMEN CRICKET

ભારતે પાંચમી મહિલા T-20 ક્રિકેટ મેચમાં શ્રીલંકાને 15 રનથી હરાવીને શ્રેણી 5-0થી જીતી લીધી. ભારતે પ્રથમ બેટિંગ કરીને 175 રન બનાવ્યા. જવાબમાં શ્રીલંકા નિર્ધારિત 20 ઓવરમાં સાત વિકેટે 160 રન જ બનાવી શક્યું.

કેપ્ટન હરમનપ્રીત કૌરને પ્લેયર ઓફ ધ મેચ અને શેફાલી વર્માને પ્લેયર ઓફ ધ સિરીઝ જાહેર કરવામાં આવી.

# DELHI JAN VISHVAS BILL

દિલ્હી સરકારે દિલ્હી જન વિશ્વાસ સુધારણા બિલ, 2026ને મંજૂરી આપી છે. દિલ્હીના મુખ્યમંત્રી રેખા ગુપ્તાએ માહિતી આપી હતી કે, દિલ્હી કેબિનેટ દ્વારા મંજૂર કરાયેલ આ બિલનો ઉદ્દેશ્ય પાલન પ્રક્રિયાઓને સરળ બનાવવા અને નાના ઉલ્લંઘનોને ગુનાહિત જાહેર ન કરવા, અદાલતોમાં કેસોની સંખ્યા ઘટાડવા અને વહીવટી કાર્યક્ષમતા વધારવાનો છે.

# DELHI POLLUTION

દિલ્હીના મુખ્યમંત્રી રેખા ગુપ્તાએ જણાવ્યું હતું કે, દિલ્હી સરકાર પ્રદૂષણને નિયંત્રિત કરવા માટે અનેક અસરકારક પગલાં લઈ રહી છે.

શ્રીમતી ગુપ્તાએ જણાવ્યું કે તબક્કાવાર કાર્ય યોજના (GRAP) હટાવતાની સાથે જ રાજધાનીમાં આશરે 400 કિલોમીટરના રસ્તાઓનું બાંધકામ યુદ્ધના ધોરણે શરૂ થશે.

કેન્દ્ર સરકારે આ રસ્તાઓમાંથી 300 કિલોમીટર માટે બજેટ ફાળવ્યુ છે, જ્યારે દિલ્હી સરકાર બાકીના રસ્તાઓનું નિર્માણ કરશે. વધુમાં, તેમણે જણાવ્યું હતું કે, રસ્તાના બાંધકામ માટેની તમામ ટેન્ડર પ્રક્રિયાઓ પૂર્ણ થઈ ગઈ છે.

મુખ્યમંત્રીએ જણાવ્યું કે દિલ્હી સરકારનો સ્પષ્ટ ઉદ્દેશ્ય વિકાસ અને પર્યાવરણ વચ્ચે સંતુલન જાળવી રાખીને દિલ્હીના રહેવાસીઓને સલામત અને સ્વચ્છ વાતાવરણ પૂરું પાડવાનો છે.

## અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે કરણ મકવાણા

- આજના અખબારોમાં ફ્લાઇટ રદ્દ કે મોડી પડે તો ભોજન અને રિફંડ આપવું પડશે અને બાંગલાદેશમાં વધુ એક હિન્દુ યુવકની હત્યા સહિતના સમાચાર મુખ્ય શીર્ષકમાં વાંચવા મળી રહ્યા છે.
- સંદેશ લખે છે – ફ્લાઇટ રદ થાય તો અન્ય ફ્લાઇટ અથવા રિફંડ
- ફૂલછાબનું મુખ્ય શીર્ષક છે – ફ્લાઇટ રદ્દ કે કલાકો મોડી,ભોજન ,રિફંડ આપવું પડશે
- હિન્દી અખબાર રાજસ્થાન પત્રિકા લખે છે – પર્યટકોકી ભીડ કોહરે કા કહર ફ્લાઇટ રદ્દ હોને પર મિલેંગી સુવિધા
- નવગુજરાત સમયે બાંગલાદેશમાં હિન્દુઓ પર ક્રૂરતા યથાવત , વધુ એકની હત્યા કરાઈ
- સ્થાનિક પાને ગુજરાત સમચાર લખે છે – 2027 સુધી લોકોએ ટ્રાફિક સમસ્યા સહન કરવી પડશે....જૂના વાડજ, સારંગપુર અસારવા બ્રિજ તૈયાર થતાં હજી બે વર્ષ લાગશે.
- દાહોદ પાસે કસ્ટડીમાથી ભાગવા જતાં લોરેન્સ ગેંગના સાગરીત પર SMCએ ફાયરિંગ કર્યું આ સમાચારને સંદેશે સ્થાનિક પાને લીધા છે